કામ નં.૧૪

રુંઢ-મગદલ્લા વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની જોગવાઈ હેઠળ બે મુસદ્દારુપ નગરરચના યોજના તૈયાર કરવા અંગે સદરહુ યોજનાઓના હદ વિસ્તાર નક્કી કરવા તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ-૪૧ હેઠળ સદરહુ યોજનાના ઈરાદા પ્રસિધ્ધ કરવા બાબત.

ઠરાવ નં. ૧૪૭૩ ::

રજુ કરેલ પેજ-૩ા નોંધમાં નિર્દિષ્ટ વિગતોની બોર્ડ બેઠકમાં રજુ કરેલ રુંઢ, ટી.પી.સ્કીમ નં.૩ તથા રુંઢ-મગદલ્લા ટી.પી.સ્કીમ નં.૪ ની હદો દર્શાવતા મુખ્ય નગર નિયોજકશ્રીના પરામર્શમાં મંજુર થઈ આવેલ હદ-નકશા તે વિસ્તારોના હયાત જમીન વપરાશ નકશા તથા તે અંગેની વિગતવાર માહિતી તથા સમજ આપવામાં આવ્યા. અને ઉકત વિગતોએ ચર્ચા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૨૨ ની પેટા કલમ (૧) અન્વયે સરકારશ્રી ધ્વારા રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત ગુજરાત રાજ્યના મુખ્ય નગર નિયોજકશ્રી સાથે વિચાર વિનિમય કર્યા પછી ઠરાવે છે કે સુરત શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રી એ સહી કરેલ છે તે નકશામાં (બોર્ડ બેઠકમાં રજુ કરેલ) ક્રમીક પીન્ક (ગુલાબી) અને બ્રુન (કથ્થઈ) રંગની લીટીથી દર્શાવેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર પૈકીના ક્રમીક રુંઢના વિસ્તાર માટે નગર રચના યોજના નં.૩ રુંઢ (સુડા)(હદો સામેલ પરિશિષ્ટ 'અ'મુજબની રહે છે.) તથા રુંઢ-મગદલ્લા વિસ્તાર માટે નગર રચના યોજના નં.૪ રુંઢ મગદલ્લા (સુડા) (હદો સામેલ પરિશિષ્ટ 'બ' મુજબની રહે છે.) બનાવવાનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ જાહેર કરે છે અને ઉપરોકત જાહેર કરેલ ઈરાદાને કાયદાકીય પ્રસિધ્ધિ આપવા યોગ્ય તજવીજ કરવા અને તેની જાણ તથા નકશાની નકલ ગુજરાત સરકારશ્રીને મોકલી આપવા તેમજ સ્થાનિક વર્તમાનપત્રમાં તથા સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા અને આગળની કાર્યવાહી કરવા માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રી સુરત શહેરી વિકાસ સત્તામંડળને અધિકૃત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું

સર્વાનુમતે મંજુર